અપીલ અરજી નં.૩૩૨ તા.૧૧–૧૦ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મીતા શરદભાઈ લાલવાલા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મીતા શરદભાઈ લાલવાલાની તા. ૨૩–૮–૧૧ની અરજીથી મોજે ટી.પી.સ્કીમ નં.૧ ઉધના–મજુરા ફા.પ્લોટ નં. ૧૩૭,પૈકીથી નોંધાયેલ જમીન જે શિવ આશિષ ઈન્ડ.સોસા.ના નામે ઓળખાયેલ તેમાં પાડવામાં આવેલ પ્લોટ નં. ૧૪૩થી૧૪૬, માં જે વધારાનું બાંધકામ કરેલું તે બાબતે અમો અરજદાર તરફે તા. ૪–૫–૦૩ના રોજ આ.નં./સા.ઝોન/ટેક/૭૭૨થી ઈન્પેકટ ફી વસુલ કરવામાં આવેલી છે તે બાબતે સાઈડ બેક તથા પ્લોટ પર કેટલું વધારાનું બાંધકામ પ્લાન ઉપરાંતનું કરેલ હતું અને તેની જે ગણતરી કરવામાં આવેલ તે રીવાઈઝડ પ્લાનયાને ઈમ્પેકટ ફી ભર્યા મુજબનું બાંધકામ ક્ષેત્રફળ ધરાવતું પ્લાન આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૧–૧૦–૧૧ ની **SMC/FAP/** નં.૩૩૨/૨૦૧૧–૧૨

શ્રી મીતા શરદભાઈ લાલવાલાની તા. ૨૩–૮–૧૧ની અરજીથી મોજે ટી.પી.સ્કીમ નં.૧ ઉધના–મજુરા ફા.પ્લોટ નં. ૧૩૭,પૈકીથી નોંધાયેલ જમીન જે શિવ આશિષ ઈન્ડ.સોસા.ના નામે ઓળખાયેલ તેમાં પાડવામાં આવેલ પ્લોટ નં. ૧૪૩ થી૧૪૬, માં જે વધારાનું બાંધકામ કરેલું તે બાબતે અમો અરજદાર તરફે તા.૪–૫–૦૩ના રોજ આ.નં./સા.ઝોન/ટેક/૭૭૨થી ઈન્પેકટ ફી વસુલ કરવામાં આવેલી છે તે બાબતે સાઈડ બેક તથા પ્લોટ પર કેટલું વધારાનું બાંધકામ પ્લાન ઉપરાંતનું કરેલ હતું અને તેની જે ગણતરી કરવામાં આવેલ તે રીવાઈઝડ પ્લાન યાને ઈમ્પેકટ ફી ભર્યા મુજબનું બાંધકામ ક્ષેત્રફળ ધરાવતું પ્લાન આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૧–૧૦–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબત અંગે દફતરી હકીકત નકલ સહ સ્પષ્ટ કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૯૬૭ તા.૧૭–૧૦–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને મુળ અરજીમાંના દાવા ઈમ્પેકટ ફી વસુલવામાં આવેલી તે અંગે વસુલાત–ભરપાઈની કાર્યવાહી અંગેના તેઓ કક્ષાએ કોઈ આધાર હોય તો નકલ સહ રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૪–૧૧–૧૧ ના રોજ પૂરક પત્ર તથા ઉધનાઝોન તરફથી આ.નં.૫૨૦૨/૧૦ તા.૩–૯–૦૨ ના રોજ બાંધકામને રેગ્યુલેશન કરવા અંગેની નોટીસની નકલ તથા ઈમ્પેકટ ફી ભર્યા અંગે રસીદ નં. ૪૬૩૩૨૮,૪૬૩૩૨૯,૪૮૭૧૬૧,૪૮૭૧૬૨, ૧૧૪૯૫૪,૧૧૪૯૫૫, ૧૪૪૨૩૯,૧૪૪૨૪૦, ૧ ૭૫૨૦૭, ૧૭૫૨૧૦, ૧૬૮૮૦૮, ૧૬૮૮૦૯, ૨૧૧૬૨૪,૨૧૧૬૨૫, ૩૧૭૯૭૭, ૩૧૭૯૭૮,૩૫૦૭૬૫, ૩૫૦૭૬૬, ૩૯૦૪૦૧, ૩૯૦૪૦૨, ૪૩૩૩૨૧, ૪૩૩૩૨૨, થી રૂા.૭,૭૫,૭૧૮/– ની ભર્યાની કુલ –૨૨ ની નકલો, ઉધનાઝોન તરફથી સા.ઝોન/ટે./આ.નં.૭૭૨ તા.૪–૫–૦૩ એન.ઓ.સી સર્ટીફીકેટની નકલ અત્રે મળેલ છે. જે અંગે અરજદારને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ચેક નં.૭૦૯૧૯૮ રૂા.૩,૭૪,૪૩૫/– તા.૧૨–૫–૦૫ થી રીફંડ પણ એસએમસી વહીવટી કચેરી તરફથી મળેલ છે. તેવું અરજદારે જણાવેલ છે.

અરજદારની તા.૨૩–૮–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પ્રતિભાવ ન મળવાથી અરજદારે તા.૧૧ –૧૦–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે અત્રેથી બંને પક્ષકારો પાસેથી પૂરક વિગતો માંગવામાં આવેલ. જે અંગે અરજદાર તરફથી રજૂ કરેલ પૂરક વિગતો જોતાં અરજદારને ઉધનાઝોન તરફથી આ.નં.૫૨૦૨/૧૦ તા.૩–૯–૦૨ થી અરજદારને ઈમ્પેકટ ફી ભરવા અંગેની રૂા.૮,૪૬,૨૩૮/– નો નોટીસ આપવામાં આવેલ. જે બાબતે અરજદારે પૂરક વિગતોમાં જણાવેલ ૨૨ રસીદો ધ્વારા ૭,૭૫,૭૧૮/– ભરપાઈ કરેલ જે અંગેનું આ.નં.સા.ઝોન/ટેક./૭૭૨ તા.૪–૫–૦૩ ના રોજ " ન વાંધા પ્રમાણપત્ર" આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે માહિતીની માંગણી કરેલ છે. તે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કોઈ માહિતી પૂરી

પડાયેલ જણાતી નથી. તેમજ જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ પણ જણાવેલ નથી. ગુજરાત રાજય સરકાર ધ્વારા ૨૦૦૧ ના વર્ષ ઈમ્પેકટ ફી અંગેના કાયદાની જોગવાઈઓ અનુસાર જો આ પ્લાન સુધારવામાં આવતા હોય અને દફતરે ઉપલબ્ધ હોય તો તે અથવા કાયદાની જોગવાઈ અંગેની વિગતો તથા બીયુસી અપાયેલ/ ન અપાયેલ અંગેની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી વિગતો અરજદારને પૂરી પાડવાની રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૩–૮–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને જણાવવામાં આવે છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મીતા શરદ લાલવાલા,